





# બાપુ ગુજરાત નોલેજ વિલેજ ખાતે ઈનોવેટીવ પ્રોજેક્ટનું પ્રદર્શન યોજાયું

બાપુ નોલેજ વિલેજના કેમ્પસમાં આવેલી શ્રી શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજીના ઈનોવેટીવ પ્રોજેકટરનું પ્રદર્શન તાજેતરમાં યોજાયું હતું. આ ઈજનેરી કોલેજના છેલ્લા સેમેસ્ટરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા પ્રથમ સેમેસ્ટરથી છઠ્ઠા સેમેસ્ટના વિદ્યાર્થીઓએ અનેક દિવસો અને મહિનાઓના અથાગ પ્રયત્નોથી વિવિધ પ્રોજેકટ તૈયાર કર્યા હતા. બાપુ નોલેજ હંમેશા વિદ્યાર્થીઓમાં રહેલા કૌંશલ્યો અને ટેકનીકલ સ્કિલને યોગ્ય પ્લેટફોર્મ પુરુ પાડવા તત્પર રહે છે. શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી છ બ્રાન્ચના વિવિધ સેમેસ્ટરના વિદ્યાર્થીઓ દ્વારા ટેકનોલોજીને લગતા અવનવા પ્રોજેકટ રજુ કર્યા હતા. તમામ પ્રોજેકટ પ્રદર્શનમાં નિહાળવા માટે મુકવામાં આવ્યા હતા. જેમાં હજ્જારો વિદ્યાર્થીઓએ આ પ્રોજકટ નિહાળ્યા હતા. આ પ્રદર્શનમાં સંસ્થાના ટ્રસ્ટ્રી ભરતસિંહ વાઘેલા, કેમ્પસના ડાયરેકટર પ્રોફેસર રવિકુમાર તેમજ પ્રિન્સીપાલ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ગભરાવ નહીં... અમે હાથ રીપેર કરી દઈશું...
કાયદો તોડો તો પોલીસ હાથ તો તોડવાના જ ને...!!

# પાટનગરની મેડીકલ કોલેજના ડીન બનવા ડૉકટર્સનું લોબીંગ શરુ

ગાંધીનગર, તા.૩

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત પાટનગરની મેડીકલ કોલેજમાં ફરજ બજાવતા ડો. અરુણ વ્યાસે તાજેતરમાં સ્વૈચ્છીક નિવૃત થયા છે. મેડીકલ કોલેજના ડીન તરીકે સતત સાત વર્ષ સુધી ડો. વ્યાસે સેવાઓ આપી છે. તેમની ફરજ દરમિયાન મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના ઈન્સપેકશન પણ સફળ રીતે પૂર્ણ થયા છે. તેઓની દીર્ઘ દ્રષ્ટ્રિ અને સુચારુ વહીવટી સુઝનો લાભ કોલેજને મળ્યો હતો. ત્યારે હવે આ ડીનની જગ્યા ખાલી પડતા સિવિલ તેમજ મેડીકલ કોલેજમાં ફરજ બજાવતા સિનિયર ડોક્ટર્સ થનગની રહ્યા છે. કેટલાક ડોક્ટર્સે તો પોતાની ઓળખાણના તાર છેક આરોગ્ય વિભાગ સુધી લાંબા કર્યા છે. કોઈપણ ભોગે ડીનનો રૂઆબદાર હોદ્દો મેળવવા સવારથી સાંજ સુધી ફોનની ઘંટડીઓ રણકાવતા નજરે પડે છે. ત્યારે સારા ડીનની ગરજ સારે તેવા કેટલાક સિનિયર ડોક્ટર્સ પણ કેમ્પસમાં ફરજ બજાવી રહ્યા છે.

જયારે વીવીઆઈપી નેતાઓની સેવામાં સતત રચ્ચાપચ્યા રહેતા ડોકટરમાં કયા ડોકટરની સેવા ભકિત કામ આવે છે તે તો આગામી સમય જ બતાવશે..? જયારે ડીન તરીકે સેવા માટે યોગ્ય ઉમેદવારમાં સિનિયર ડોક્ટર્સ પૈકી ત્રણ પુરુષ ડોક્ટર અને બે મહિલા ડોક્ટરનો સમાવેશ થાય છે. અત્યારે હાલ તો ડીનનો ચાર્જ સિનિયર ડોક્ટર શોભનાબેન ગુપ્તાને સોંપવામાં આવ્યો છે. ત્યારે પાટનગરની મેડીકલ કોલેજના ડીન કોણ બનશે તે વિષય પર ચર્ચા મેડીકલ કોલેજના ડોકટર્સ, સ્ટાફ અને સિવિલના અધિકારી-કર્મચારીઓમાં ચાલી રહી છે.

# ઘઉં લણતા શ્રમજીવીઓની ભારે અછત

## આધુનિક મશીનો થકી થઈ રહેલી લણણી, ઉંચા ખર્ચા અને કમરતોડ મહેનત સામે નહીવત્ વળતરથી ખેડૂતવર્ગ બેહાલ

ગાંધીનગર, તા. ૩

ઘઉંના વાવેતર કર્યા પછી કુદરતની મહેરબાનીથી સમગ્ર રાજ્યમાં ઘઉંનો પાક યોગ્ય અને સારા પ્રમાણમાં થયો છે. હાલ ખેડૂત વર્ગ ઘઉં લણવા માટેની વ્યવસ્થામાં જોતરાયેલો છે તો કેટલાક ખેડૂતોએ ઘઉં લણી લઈ માર્કેટમાં વેચાણ પણ કરી દીધો છે. દરમ્યાન ચાલુ વર્ષે ઘઉં લણતા શ્રમજીવીઓ ખેડૂતોએ જાત મહેનત અને આધુનિક મશીનનો ઉપયોગ કરી ખેતરમાંથી ઘઉં લણવા મજબૂર બન્યા હતા. પંજાબ કે અન્ય રાજ્યોમાંથી ખાસ ઘઉં લણવા આવતા આ હાઈવેસ્ટાર મશીનો સમયની અને શ્રમની બચત જરૂર કરે છે પરંતુ ઘઉં લણવાના ભાવ ખુબજ ઉંચા હોવાથી ખેડૂતોનું વળતર ઓછુ થઈ જાય છે.

ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે તે હેતુથી સરકારે



ખેડૂતોને પ્રાપ્ત થયા નથી જેથી શ્રમજીવીઓની સર્વત્ર અછત વર્તાઈ છે જેના પર્યાય સ્વરૂપ ખેડૂત વર્ગે આધુનિક મશીનથી ઘઉં લણવાનુ કાર્ય કર્યુ છે. જો કે આ પદ્ધતિ તેમને મોંઘી પડી છે જેમાં ઘઉંના વાવેતરથી માંડીને વેચાણ સુધી ઉંચા ખર્ચ ભોગવીને વળતરમાં સંતોષ ન જણાતા ખેડૂત વર્ગ બેહાલ થયો છે.

રાજ્યના ખેડૂતોએ મોટા પ્રમાણમાં ચાલુ વર્ષે ઘઉંની ખેતી કરી છે સામે ઘઉંનું મબલખ ઉત્પાદન પણ થયું છે. ઘઉંના વાવેતરથી શરૂઆત કરી માર્કેટમાં વેચાણ સુધી આ ખેત ઉત્પાદન પાછળ ઊંચો ખર્ચ થઈ જાય છે. વળી ચાલુ વર્ષે ઘઉં લણવા આવતા શ્રમજીવીઓ કોઈ કારણસર આવી ન શકતા ખરીદ કેન્દ્રો શરૂ કર્યા છે.

જેમાં રૂ. ૩૪૭ના ટેકાના ભાવે કરીદી કરવા જાહેરાત કરેલ છે પરંતુ ચિલોડા જેવા મહત્વના સ્થળે પૂરવઠા નિગમે ખરીદ કેન્દ્ર શરૂ ન કરતા ખેડૂતોને નીચા ભાવે ઘઉં વેચવા મજબૂર થવુ પડે છે. આમ ખેડૂત વર્ગને વિવિધ ખર્ચ અને કરેલી મહેનત સામે યોગ્ય વળતર પ્રાપ્ત થતુ નથી. વળી, બહારથી આવતા શ્રમજીવીઓ પણ હવે અન્ય કામમાં જોતરાઈ જતાં ખેત ઉત્પાદનને ખેતરમાંથી લણવા મોંઘા ઓજારોનો ઉપયોગ કરવો પડી રહ્યો છે. સરકાર દ્વારા ખેડૂત વર્ગના ખેત ઉત્પાદન અંગેની વિગતવાર માહિતી મેળવીને જ ભાવ નક્કી કરે તેવું ખેડૂતો ઈચ્છી રહ્યા છે.



અનુસુચિત જાતી/ અનુસુચિત જનજાતી અત્યાચાર નિવારણ એક્ટ-૧૯૮૯ એટ્રોસીટી એક્ટ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ બાબતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડા અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા પરેશભાઈ ધાનાણી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અનુસૂચિત વિભાગના વડા નૌષાદભાઈ સોલંકીની આગેવાની હેઠળ એક ઉચ્ચ પ્રતિનિધી મંડળ આજરોજ સવારે ૧૧ કલાકે મહામહીમ રાજ્યપાલશ્રીને રૂબરૂ મળીને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું.

# માલના વહન વખતે ૧લી એપ્રિલથી ઈ-વે બીલ રાખવું ફરજિયાત

ગુજરાત ગુડ્ઝ એન્ડ સર્વિસીસ ટેક્સ રૂલ્સ હેઠળના રૂલ્સ ૧૩૮ થી ૧૩૮ ડી ની જોગવાઈ મુજબ માલની હેરફેર માટે ઈ-વેબીલ તા. ૧-૦૪-૨૦૧૮ થી જનરેટ કરી માલ વહન દરમ્યાન સાથે રાખવપં જરૂરી બને છે. હાલ જીએસટી કાઉન્સિલે કરેલ ભલામણ મુજબ ઈ- વે બીલ માલના એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં થતા આંતરરાજય સપ્લાય માટે જરૂરી બનાવવામાં આવેલ છે. જ્યારે રાજ્યમાં માલની થતી આંતરીક હેરફેર માટે હાલ ઈ-વે બીલ જનરેટ કરવાના રહેશે નહી. આ અંગે કમિશનર ઓફ સ્ટેટ ટેક્સ દ્વારા તા. ૨૮-૦૩-૨૦૧૮ના રોજ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે જે ખાતાની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. જીએસટી કાઉન્સિલ દ્વારા આગામી સમયમાં રાજ્યમાં માલની થતી આંતરિક હેરફેર અંગે ઈ-વે બીલના અમલની તારીખ નક્કી કરવામાં આવે તે તારીખથી રાજ્યમાં માલની થતી આંતરિક હેરફેર માટે ઈ-વે બીલ અમલી બનશે ત્યાં સુધી રાજ્યમાં થતી માલની આંતરિક હેર ફેર માટે ઈ-વે બીલ જરૂરી નથી. પરંતુ માલના વહન વખતે ઈન્વૉઈસ, ડીલીવરી ચલન, બીલ ઓફ સપ્લાય જેવા દસ્તાવેજો સાથે રાખવાના રહેશે. તેમ સહાયક રાજ્ય વેરા કમિશનર (જનસંપર્ક અને ફરિયાદ નિવારણ), ગુજરાત રાજ્ય, અમદાવાદની જણાવાયું છે.

# રાણપુરમાં 'મેઘાણી વંદના' કસુંબલ લોકડાયરો યોજાશે

ગાંધીનગર, તા. ૩

સ્વાતંત્ર્ય સંગ્રામ નિમિત્તે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ રચેલા દેશભક્તિના ૧૫ શૌર્ય ગીતોનો સંગ્રહ સિંધૂડોનો ૮૮મો પ્રાગટ્યદિન તથા ધોલેરા સત્યાગ્રહની ૮૮મી જયંતિ અવસરે રાણપુર ખાતે આગામી ૬ એપ્રિલે મેઘાણી વંદના (કસુંબલ લોકડાયરો) યોજાશે.

આગામી ૬ એપ્રિલ ૨૦૧૮ને શુક્રવારને રાત્રે ૯ કલાકે સુમનભાઈ ચૌહાણનો પ્લોટ, સ્ટેશન રોડ, વઢવાણા કોમ્પ્લેક્સની સામે રાણપુર બોટાદ ખાતે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી રચિત સંપાદિત ગીતો-લોકગીતો, ભજનો રજૂ થશે. આ સ્વરાંજલિ કાર્યક્રમમાં કલાકાર તરીકે અભેસિંહ રાઠોડ, લલિતાબેન ઘોડાદ્રા, ધીરૂભાઈ સરવૈયા, રાધાબેન વ્યાસ, નીલેષ પંડ્યા જ્યારે સંગીતકાર તરીકે પંકજ ભટ્ટ સંગીતની શૂરાવલી રજૂ કરશે.

# માણસા તાલુકાના વિદ્યાર્થીઓ માટે એ-વન મોટર્સ દ્વારા ચિત્ર સ્પર્ધા

માણસા તાલુકાની આસપાસની લગભગ ૫૦ જેટલી શાળાઓના વિદ્યાર્થી ભાઈ-બહેનો દ્વારા એક ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત દરેક શાળામાંથી વિજેતા પ્રથમ ૩ નંબરોને પ્રોત્સાહન ઈનામો તથા લગભગ ૧૫૦ જેટલા સ્પર્ધકોમાંથી પ્રથમ નંબર મેળવનારને સાયકલ, બીજો નંબર મેળવનારને સ્માર્ટવૉચ તથા ત્રીજો નંબર મેળવનારને સ્કૂલબેગનુ વિતરણ હરસોલીયા મોટર્સના જનરલ મેનેજર શેહજાદભાઈ તથા એવન મોટર્સ માણસાના મેનેજીંગ ડાયરેક્ટર કેતનભાઈ પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગુજરાત રાજય બિન અનામત વર્ગોના આયોગની કચેરીનો કાર્યારંભ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી આવતીકાલ બુધવાર ૪ એપ્રિલે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોના આયોગના નવા કાર્યાલયનો ગાંધીનગરમાં બપોરે ૧ કલાકે પ્રારંભ કરાવશે. સેકટર-૧૦માં કર્મયોગી ભવન બ્લોક-૧ના છઠ્ઠા માળે એ-૨ વીંગમાં આ આયોગની કચેરી કાર્યરત કરવામાં આવી છે.

# ચિલોડા પ્રાથમિક શાળા શ્રેષ્ઠ એસએમસી ૨૦૧૭-૧૮ એવોર્ડ

ચિલોડા, તા. ૩

ગાંધીનગર તાલુકાની ચિલોડા પ્રાથમિક શાળાની સ્કૂલ મેનેજમેન્ટ



કમિટી (શ્રેષ્ઠ એસએમસી) તરીકેની ભૂમિકા નિભાવતી એસએમસી ચિલોડાને બિરદાવતા ગૌરવભર્યુ સ્થાન તેમજ શાળાના સંચાલનમાં હરહંમેશ સમિતિની ભૂમિકા ઉત્કૃષ્ટ રહેવા પામી છે. શાળા સંચાલન અને સહભાગીદારી શાળા વિકાસ સંકુલમાં અગત્યના પાસાનુ પરિબળ છે. ચિલોડા દ્વારા લોકભાગીદારી મેળવી શાળાના નવિન મકાન અને પ્રવેશદ્વાર સહિત શાળાની ભૌતિક સુવિધાઓમાં વૃદ્ધિ થવા પામી છે.

શાળાના અને બાળકોનો સર્વાંગિક વિકાસ માટે શ્રેષ્ઠ સંચાલનની ભૂમિકા સર્વોપરી રહી છે. બાળકનું આવતીકાલનું ભવિષ્ય ઉજ્જવળ બને શાળા અમારી તીર્થભૂમિ જ્યાં વહે જ્ઞાન ગંગાની ઉક્તિને સાર્થક કરવામાં કમિટીએ આ દિશામાં અવિરત કાર્ય કર્યુ છે. તે ભવિષ્યમાં શાળા સંકુલ વધુ જ્ઞાન ગંગા બને તેવા કાર્ય થકી શ્રેષ્ઠ એસએમસીના અધ્યક્ષ તખતસિંહ ઠાકોર અને શિક્ષણવિદ નટવરભાઈ પટેલ, સભ્યો તથા શાળા પરિવાર દ્વારા શ્રેષ્ઠ એસએમસી એવોર્ડ અને પ્રમાણપત્ર મેળવતાં આંદ અને ગૌરવની લાગણી અનુભવે છે.

# જુનિયર વિશ્વ કપમાં ગોલ્ડ મેડલ મેળવનાર શુટીંગ પ્લેયર કુ. ઈલાવેનીલનું સન્માન કરાયું

અમદાવાદ, તા. ૩

ઓસ્ટ્રેલીયા ખાતે તાજેતરમાં યોજાયેલી ઈન્ટરનેશલ શુટીંગ સ્પોર્ટસ ફેડરેશન (જીજીહ્વ) ૧૦ મીટર એર રાઈફલના જુનિયર વિશ્વકપમાં ગોલ્ડ મેડલ મેળવનાર અમદાવાદની શુટીંગ પ્લેયર કુ. ઈલાવેનીલ વાલરીવનનો સન્માન-શુભેચ્છા સમારોહ આજે અનંત યુનિવર્સિટી, સંસ્કારધામ ખાતે યોજાયો હતો.

કુ. ઈલાવેનીલને સન્માનતા મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતુ કે, રાજ્યની શક્તિદૂત યોજનાની સ્પર્ધક લાભાર્થી કુ. ઈલાવેનિલે ગુજરાત જ નહીં દેશ આખાને ગૌરવ અપાવ્યું છે. રાજ્યના યુવા ખેલાડીઓની પ્રતિભા-કૌશલ્યને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઝળહળતી સિધ્ધિઓ મળે તે માટે ખેલ મહાકુંભનું આયોજન પ્રતિવર્ષ થાય છે. ડી.એલ.એસ.એસ. યોજના અંતર્ગત સંસ્કારધામને રમત-ગમતની તાલીમ માટે રૂા. ૫.૮૧ કરોડની સહાય અપાઈ છે. આ સંસ્થાએ પણ વિદ્યાર્થીઓના રમતગમત કૌશલ્યને ઉજાગર કરવા સરાહનીય કામગીરી કરી છે. રાજ્યના મહત્તમ ખેલાડીઓ




આવી સિધ્ધિ હાંસલ કરે તે માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે એમ તેમણે ઉમેર્યુ હતું.

સચિવ વી.પી. પટેલે જણાવ્યું હતું કે, ઈલાવેનિલે અપ્રતિમ સિધ્ધિ હાંસલ કરીને ગુજરાત અને ભારતને મુઠ્ઠી ઉચેરૂ સ્થાન આપ્યું છે. ક્વોલીફાય રાઉન્ડમાં ૬૩૪.૧નો સ્કોર કરીને ઈલાવેનિલે વિશ્વ વિક્રમ પોતાના નામે કર્યો છે. સાથે સાથે ટીમ ગોલ્ડ મેડલ પણ મેળવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કુ. ઈલાવેનિલેએ ૧૦ મીટર વિમેન્સ એર રાઈફલ્સ ઈવેન્ટ જુનિયર વર્લ્ડ કપમાં પ્રથમ વખત જ રમીને પ્રથમ સ્પર્ધામાંજ ટીમમાં ૬૩૧.૪ ક્વાલીફિકેશન સ્કોર કરી પોતાના નામે નવો વિશ્વ વિક્રમ કર્યો છે.

કુ. ઈલાવેનિલે ૧૪ માર્ચથી ૧૮ માર્ચ' ૨૦૧૮ દરમ્યાન મલેશિયા ખાતે યોજાયેલ વર્લ્ડ યુનિવર્સિટી શુટીંગ ચેમ્પિયનશીપમાં પણ ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કરવા પસંદગી પામી હતી જેમાં તેણે ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ અને વ્યકિતગત ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીતી ગુજરાત અને દેશનું નામ રોશન કર્યુ હતું. આ સ્પર્ધામાં ભાગ લીધેલ દેશોમાંથી માત્ર બે જ દેશ ગોલ્ડ મેડલ જીતી શક્યા હતા.

કુ. ઈલાવેનિલે પોતાના પ્રતિભાવમાં જણાવ્યું હતું કે, મને આ ક્ષેત્રે પહોંચવામાં ગુજરાત સરકાર અને સંસ્કાર ધામ સંસ્થનો મોટો ફાળો રહ્યો છે. ડીસ્ટ્રીક્ટ લેવલ સ્પોર્ટસ સ્કુલ તરીકે સંસ્કારધામ સંસ્થાએ મારી કારકિર્દી ઘડતરમાં મહત્વનું યોગદાન આપ્યું છે.

સંસ્થાના ટ્રસ્ટી પિયુષભાઈ શાહે સ્વાગત પ્રવચનમાં સંસ્થાની શૈક્ષણિક ઉપરાંત રમત-ગમત પ્રવૃત્તિઓની રૂપરેખા આપી હતી.

## નામ બદલેલ છે

મારું જુનું નામ પ્રવિણભાઈ રણછોડ તુરી હતું તે બદલીને નવું નામ પ્રવિણભાઈ રણછોડ બારોટ રાખેલ છે.

પ્લોટ નં. ૫૫૫/૧,
સેકટર-૧૩/એ, ગાંધીનગર

## 'ચોપડા'ની કામગીરી માટેનું ટેન્ડર

**શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર**

C/o. જલારામ ધામ, સેકટર-૨૯, ગાંધીનગર. ફોન-૨૩૨૨૩૬૧૪

શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર દ્વારા ચોપડા ૪૫૦ ડઝન બનાવવા માટે આ કામના જાણકાર પ્રીન્ટીંગ પ્રેસ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો જલારામ મંદિર ખાતેથી તા.૦૫.૦૪.૧૮ થી ૧૪.૦૪.૧૮ સુધી સવારે ૯ થી ૧૨ તથા સાંજે ૪ થી ૯ સુધી મેળવી લેવાના રહેશે. **ભાવપત્રકો તા.૧૫.૦૪.૨૦૧૮ના સાંજે પાંચ વાગ્યા સુધી મેનેજર, શ્રી જલારામ મંદિર, સે-૨૯ને** મોકલી આપવાના રહેશે.

કિશોર હિન્ડોચા
મંત્રી
શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર

## જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ધોળાકુવા ગામની સીમમાં આવેલ સરકારી જમીન પૈકી ગેરકાયદેસર રીતે મકાનો બાંધી રહેલા વસાહતીઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે, આગામી તા. ૭/૪/૨૦૧૮ના રોજ ધોળાકુવા ગામની સીમમાં સરકારી જમીન પર બાંધેલ ગેરકાયદેસર મકાનોના દબાણો દૂર કરવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તો તા. ૭/૪/૨૦૧૮ પહેલા તમામ મકાનો ખાલી કરી પોતાનો સરસામાન લઈ લેવા જણાવવામાં આવે છે. અન્યથા કોઈ નુકસાન થશે તો સરકારશ્રીની જવાબદારી રહેશે નહીં. તેમજ તેઓની સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

ગાંધીનગર
તા. ૨/૪/૨૦૧૮

હુકમથી
માહિતી/૭/૧૮-૧૯